### ગોરવા પોલીસ અને વિદ્યાર્થી આગેવાનો વચ્ચે ઘર્ષણ થયુ

# પ્રાથમિક સુવિધાઓના અભાવે NSUI દ્વારા ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનું વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના કાર્યકરો દ્વારા પાલિકાના વોર્ડ નંબર 8 માં પ્રજાકીય પ્રશ્ન ચક્કાજામ કરવામાં આવ્યું હતું. જેમાં ગોરવા પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા પ્રમુખ સહિત 12 કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. એમ.એસ.યુનિવર્સીટીનું વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ હવે વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે અવાજ ઉઠાવવા સાથે હવે પ્રજાકીય પ્રશ્ને રસ્તા પર ઉતરી આવ્યું છે.

બુધવારે શહેરના ગોરવા વિસ્તારમાં આઈટીઆઈ ખાતે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના પ્રમુખ અમર વાઘેલાની આગેવાનીમાં સંગઠનના હોદ્દેદારો કાર્યકરોએ ભેગા થઈ રોડ,રસ્તા, પાણી , ડ્રેનેજ, સાફ સફાઈ સહિતના વિવિધ પ્રશ્ને વિરોધ પ્રદર્શન કરવા આવ્યું હતું. ખાસ કરીને વોર્ડ નંબર 8માં રહીશોને પડી રહેલ તકલીફો વિરુદ્ધ નારા લગાવીને દેખાવો કરવામાં આવ્યા હતા.

આ દરમિયાન જેમાં ગોરવા પોલીસ સાથે વિદ્યાર્થી આગેવાનો સાથે ઘર્ષણ થયું હતું. જેમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા એનએસયુઆઈના 12 કાર્યકરો જેમાં પ્રમુખ અમર વાઘેલા, રાષ્ટ્રીય કોર્ડીનેટર દુષ્યન્ત રાજ,સુઝાન લાડમેન, તેજસ રોય,ક્રિષ્ના જોશી,આતીફ મલિક,મોઈન રાજ સહિતની અટકાયત કરી ગોરવા પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા.

## એન્જિનિયરિંગ કામગીરીને કારણે કેટલીક ટ્રેનો રદ કરાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
વડોદરા ડિવિઝનના ડભોઈ-એકતાનગર વિભાગ પર નવા સ્ટેશન મૌર્યનું કાર્ય ચાલુ છે. આ સ્ટેશનને ડી શ્રેણીમાંથી બી શ્રેણીમાં અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. આ કાર્યોને સુરક્ષિત અને સરળ રીતે પૂર્ણ કરવા માટે, રેલ્વે આ વિભાગ પર એન્જિનિયરિંગ બ્લોક લાગુ કરશે. આ બ્લોક દરમિયાન, ટ્રાફિક કામગીરી પ્રભાવિત થશે, જેના પરિણામે કેટલીક ટ્રેનો રદ કરવામાં આવશે. જેમાં સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનો ટ્રેન નં. 69203 પ્રતાપનગર - એકતાનગર મેમુ ટ્રેન 4, 5 અને 7 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69204 એકતાનગર - પ્રતાપનગર મેમુ ટ્રેન 4, 5 અને 7 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69202 એકતાનગર - પ્રતાપનગર મેમુ ટ્રેન 7 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69205 પ્રતાપનગર - એકતાનગર મેમુ ટ્રેન 7 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે.

### ડ્રોનથી દવા છાંટવાની વાતો માત્ર હવામાં, અને મચ્છરો મોજમાં...

# શહેરના મધ્યમાંથી પસાર થતી 20 જેટલી ખુલ્લી કાંસો મચ્છરોનુ ઘર બની

(પ્રતિનિધિ), વડોદરા. તા.1
વડોદરા શહેર જે એક સમયે તેની સ્વચ્છતા અને શાંતિ માટે જાણીતું હતું, તે આજે મચ્છરોના અસહ્ય ત્રાસ નીચે કણસી રહ્યું છે. વિશ્વામિત્રી બચાવો સમિતિના આગેવાનોએ તંત્રની પોલ ખોલતા આક્ષેપ કર્યો છે કે, વડોદરા મહાનગરપાલિકાના 30 વર્ષના અણઘડ વહીવટ અને ભ્રષ્ટાચારને કારણે આજે વડોદરાવાસીઓ પોતાની જ અગાસી કે ઓટલા પર બેસવા માટે લાચાર બન્યા છે. શહેરની મધ્યમાંથી પસાર થતી ભૂખી, મસીયા, બહુચરાજી અને રૂપારેલ જેવી 20 જેટલી કુદરતી વરસાદી કાંસો આજે ગટરની ખુલ્લી ચેનલો બની ગઈ છે. સમિતિના અનુસાર, વરસાદી પાણીના નિકાલ માટેની કાંસોમાં ગટરના જોડાણો આપી દેવાતા, બારેમાસ ગંદુ પાણી ભરાયેલું રહે છે. બિલ્ડરોને જમીનનો ફાયદો કરાવવા કુદરતી કાંસો પર સિમેન્ટના સ્લેબ ભરી તેને બંધ કરી દેવાઈ છે. આ બંધ કાંસની જાળીઓમાંથી સાંજ પડતા જ મચ્છરોના ઝુંડના ઝુંડ બહાર નીકળે છે જે યુદ્ધના વિમાનની જેમ નાગરિકો પર તૂટી પડે છે. કાગળ પર કાંસની સફાઈના લાખો રૂપિયા ચૂકવાય છે, પણ જમીન પર ગંદકીનું સામ્રાજ્ય યથાવત છે. વડોદરામાં રસ્તા પર ઉભા રહીને વાત કરવી પણ મુશ્કેલ છે. જો કોઈ ભૂલથી મોટું મોઢું ખોલે તો પાણીપુરીનો સ્વાદ લેતા પહેલા મચ્છરનો સ્વાદ લેવો પડે તેવી સ્થિતિ છે. ખાસ કરીને રાત્રી બજાર અને ખુલ્લામાં વેચાતી ખાણી-પીણીની લારીઓ પર મચ્છરોનો જે રીતે જમાવડો હોય છે, તે જોતા આરોગ્ય વિભાગ સામે મોટા સવાલો ઉભા થાય છે. શું મ્યુનિસિપલ કમિશનર આ મચ્છરોવાળો ખોરાક ખાવાનું સાહસ કરશે ? અગાઉના વર્ષોમાં ફોગીંગની અસર જોવા મળતી હતી, પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. ફોગીંગ મશીનમાં વપરાતી દવામાં મોટાપાયે ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. ભેળસેળવાળી દવાને કારણે મચ્છરો પર તેની કોઈ જ અસર થતી નથી. આજથી 30 વર્ષ પહેલા વડોદરાની સંસ્કૃતિ હતી કે લોકો રાત્રે અગાસીમાં કે શેરીના ઓટલા પર પલંગ ઢાળીને સુતા હતા. આજે મચ્છરોએ આ આઝાદી છીનવી લીધી છે. હીંચકે બેસવું કે બારી ખુલ્લી રાખવી એ હવે વડોદરામાં ગુનો બની ગયો હોય તેમ લાગે છે. સમિતિએ મ્યુનિસિપલ કમિશનરને ખુલ્લો પડકાર ફેંક્યો છે કે, સાહેબ, ડ્રોનથી દવા છાંટવાની વાતો માત્ર એસી ઓફિસમાં જ સારી લાગે છે. જો હિંમત હોય તો એક રાત કોઈ પણ કાંસના કિનારે ઉભા રહીને નિરીક્ષણ કરો. તો જ તમને ખબર પડશે કે જનતા કયા નરકમાં જીવી રહી છે.

### આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી

# ભીમનાથ બ્રિજ નજીક વિશ્વામિત્રીની કોતરમાં આગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
કાળઝાળ ગરમીમાં થઈ રહેલા વધારાની સાથે સાથે હવે આગ લાગવાના બનાવવામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરના ભીમનાથ બ્રિજ ખાતે વિશ્વામિત્રી નદીની કોતરમાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. વડોદરા શહેરમાં ગરમીની શરૂઆતે આગ લાગવાના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં રહેણાંક મકાનો દુકાનો ગોડાઉન, વાહનો સહિત ખાસ કરીને ઝાડી ઝાંખરામાં અને કચરામાં આગ લાગવના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક આગની ઘટના બુધવારે બની હતી. શહેરના ભીમનાથ બ્રિજ નીચેથી પસાર થતી વિશ્વામિત્રી



નદીની કોતરોમાં ઝાડી ઝાંખરામાં આગ લાગી હતી. ધુમાડાના ગોટે ગોટા નીકળતા જાગૃત મહિલા દ્વારા આ અંગેની જાણ ફાયર એન્ડ ઈમર્જન્સી વિભાગને કરવામાં આવતા તાત્કાલિક ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને સતત પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. જો કે, આ આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નહતું. કચરો સળગાવવાના કારણે આગ વધુ પ્રસરી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાયું હતું. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

## કરોડિયા રોડના બુટલેગરના અડ્ડા પર રેડ, ખાલીદ શેખ ઝબ્બે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
જવાહર નગર અને ત્યારબાદ નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલિંગ સપાટો બોલાવ્યો હતો ત્યારે હવે એલસીબી ઝોન વનની ટીમ શહેરના કરોડીયા રોડ પર આવેલા રમેશ નગર વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર દારૂના વેપાર કરતા ખાલીદ શેખને ત્યાં રેડ કરવામાં આવી છે. લાખોની મતાનો દારૂનો જથ્થો તેમજ ખાલીદ શેખ સહિત બે આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે.અગાઉ પણ પોલીસ દ્વારા તેના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં તે પોતાની ગતિવિધિઓ ચાલુ રાખતો હતો. માહિતીના આધારે એલસીબીની ટીમે વોચ ગોઠવી ખાલીદને ઝડપી પાડ્યો હતો. પોલીસ હવે ખાલીદ શેખના અન્ય સાગરિતો અને સપ્લાય ચેઈન વિશે વધુ તપાસ હાથ ધરી રહી છે. આગામી સમયમાં વધુ ખુલાસા થવાની શક્યતા છે.

### સેવાસી રોડ પર આઇસરે બાઇક સવાર દંપતીને અડફેટે લીધુ, પતિનું મોત



સેવાસી રોડ ઉપર બેફિકરાઇ અને ગફલતભરી રીતે આઇસરે ટેમ્પોના ચાલકે બાઈક સવાર દંપતિને અડફેટે લેતાં પતિનું ઘટના સ્થળે પહોંચ્યું હતું અને પત્નીને ઇજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયા હતાં.

### વડોદરા વન વિભાગને સોંપવામાં આવ્યો

# રાજમહેલ રોડની કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર આવી ગયેલા મગરનું રેસ્ક્યુ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
વડોદરા શહેરમાં ગરમીના માહોલ વચ્ચે પણ વન્યજીવો રહેણાક વિસ્તારોમાં આવી જતા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે, તેવામાં મધરાત્રીએ શહેરના રાજમહેલ રોડ ઉપર આવેલી એક કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર આવી ગયેલા સાડા આઠ ફૂટના મહાકાય મગરને ખાનગી સંસ્થાની ટીમે રેસ્ક્યુ કરી વન વિભાગને સોંપવામાં આવ્યો હતો. વડોદરા શહેરમાં રહેણાક વિસ્તારોમાં વન્યજીવો જેમાં ખાસ કરીને મગરો આવી જતા હોવાના બનાવોનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે, વન્ય જીવો માટે કાર્યરત વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવાર પર શહેરના રાજમહેલ રોડ ઉપર આવેલી નિર્માણધીન કન્સ્ટ્રકશન સાઈડ ઉપરથી વોચમેન સંદીપ ગાવડે માહિતી આપી હતી કે, અહીંયા એક મગર આવી ગયો છે. આ કોલ મળતાની સાથે જ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના તુષાર ઉત્તેકર તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં તપાસ કરતા આઠથી સાડા આઠ ફૂટનો મગર નજરે પડ્યો હતો. જેને એક કલાકની ભારે જહેમત બાદ સહી સલામત રીતે રેસ્ક્યુ કરી વડોદરા વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

### ભાજપના 'ચાણક્ય' મેદાનમાં: કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ છવાયો

# VMC ઈલેક્શન : જીતુ સુખડીયા અને શબ્દશરણ બ્રહ્મભટ્ટને કમાન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક તૈયારીઓના ભાગરૂપે ચૂંટણી વ્યવસ્થા સમિતિની જાહેરાત કરવામાં આવી છે. આ સમિતિમાં વડોદરાના રાજકારણના બે અત્યંત અનુભવી અને વરિષ્ઠ ચહેરાઓ, પૂર્વ મંત્રી જીતુભાઈ સુખડીયા અને પૂર્વ પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટની નિમણૂક કરવામાં આવી છે. પક્ષના આ નિર્ણયથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં સચોટ વ્યૂહરચના અને પાયાના સ્તરની વ્યવસ્થા જાળવવા માટે ભાજપ દ્વારા આ વખતે અનુભવી નેતાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જીતુભાઈ સુખડીયા લાંબા સમયથી વડોદરાના પ્રતિનિધિ તરીકે સરકારમાં મહત્વના હોદ્દાઓ સંભાળી ચૂક્યા છે, જ્યારે શબ્દશરણ બ્રહ્મભટ્ટ સંગઠન ક્ષેત્રે ઊંડી પકડ ધરાવે છે. આ બંને નેતાઓની હાજરીથી ચૂંટણીલક્ષી આયોજન અને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં પક્ષને મોટો ફાયદો થવાની શક્યતા છે. વડોદરા મહાનગરની આ સમિતિમાં શહેરના સૌથી વરિષ્ઠ અને પક્ષ પ્રત્યે સમર્પિત મહાનુભવોના નામ જાહેર થતાં





જ ભાજપના કાર્યકર્તાઓએ સોશિયલ મીડિયા અને રૂબરૂ મળીને ખુશી વ્યક્ત કરી હતી. પાયાના કાર્યકર્તાઓનું માનવું છે કે આ બંને નેતાઓ શહેરની ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિથી પરિચિત હોવાથી ચૂંટણી પ્રચારમાં અને આંતરિક જૂથવાદ રોકવામાં સફળ રહેશે. વડોદરામાં ભાજપનો ગઢ મજબૂત રાખવા માટે પ્રદેશ નેતૃત્વ દ્વારા લેવાયેલો આ નિર્ણય સૂચવે છે કે પક્ષ કોઈ પણ પ્રકારની કચાસ રાખવા માંગતો નથી.

આ સમિતિ હવે આગામી દિવસોમાં ચૂંટણી પ્રચાર, વોર્ડ મુજબની જવાબદારીઓ અને વ્યવસ્થાપન માટેની બેઠકોનો દોર શરૂ કરશે. વડોદરાની જનતા અને રાજકીય વિશ્લેષકો આ નિમણૂકને ભાજપની રણનીતિનું મહત્વનું કદમ માની રહ્યા છે.

### વોશરૂમ જવાનું બહાનું કહીને કેદી ભાગી ગયો હતો

# દિવાળીપુરા કોર્ટમાંથી ફરાર થયેલો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.1
વડોદરા શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મ અને પોક્સો કેસનો આરોપી પોલીસ જાપ્તામાંથી ભાગી છૂટ્યો હતો. મહારાષ્ટ્ર રાજ્યના ધુલીયા જીલ્લામાંથી આરોપી અજય ઉર્ફે આકાશ દિનેશ રોકડેને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. સયાજીગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા પર દુષ્કર્મ ગુજારવાના આરોપી અજય ઉર્ફે આકાશ સેન્ટ્રલ જેલમાં સજા કાપતો હતો. 30 માર્ચ 2026ના રોજ જાપ્તા પીએસઆઇ દ્વારા આરોપીનો કબજો લઈ કોર્ટમાં રજૂ કરવા માટે લાવવામાં આવ્યો હતો. પરંતુ કોર્ટની પ્રક્રિયા દરમ્યાન આ આરોપી બાથરૂમ જવાનું કારણ આપીને પોલીસના નજરમાંથી નાસી ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચે હ્યુમન અને સીસીટીવી ફુટેજના આધારે



તપાસ કરતા આરોપી મહારાષ્ટ્રના ધુલીયા જીલ્લાના દોંડાઈચા ગામમાં હોવાની બાતમી મળતા જ અંતે ઝડપી પાડવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમે 31 માર્ચના રોજ વહેલી સવારમાં દોંડાઈચા ગામમાં આ આરોપીને પકડવા માટે દરોડો પાડ્યો હતો ત્યાં આરોપી સુતેલા હાલતમાં મળી આવ્યો હતો. જેથી આરોપીને જેલમાં સોંપવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### વડથલા માર્ગ પર પાલિકાની ઘોર બેદરકારી

# રોડની વચ્ચે દોઢ ફૂટ ઊંચી જોખમી ચેમ્બર મુકાતા અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) વડોદરા તા.1
વડોદરા મહાનગરપાલિકાના ઈજનેરોની અજબ-ગજબની કાર્યશૈલી ફરી એકવાર વિવાદમાં આવી છે. શહેરના તરસાલીથી વડથલા તરફ જતાં મુખ્ય માર્ગ પર પાલિકા દ્વારા રોડની સપાટીથી દોઢ ફૂટ જેટલી ઊંચી ચેમ્બર બનાવીને છોડી દેવામાં આવતા વાહનચાલકો માટે મોટું જોખમ ઊભું થયું છે. છેલ્લા બે મહિનાથી રોડનું કામ અધૂરું મૂકી દેવાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડથલા માર્ગ પર પાણીની લાઈનની એક ચેમ્બર બનાવવામાં આવી છે, જે રોડના લેવલ કરતાં અંદાજે 1.5 થી 2 ફૂટ જેટલી ઊંચી છે. આ ચેમ્બર રોડની બરોબર વચ્ચે અવરોધરૂપ બની રહી છે. આશ્ચર્યની વાત એ છે કે, આટલી જોખમી ચેમ્બર પાસે તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા નથી કે નથી કોઈ બેરીકેટિંગ કરવામાં આવ્યું. આના કારણે રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અંધારામાં આ ચેમ્બર સાથે અથડાઈને ગંભીર અકસ્માતનો ભોગ બને તેવી પૂરેપૂરી શક્યતા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પર છેલ્લા દોઢ-બે વર્ષથી કામ ચાલતું હતું, પરંતુ છેલ્લા બે મહિનાથી અચાનક કામગીરી બંધ કરી દેવામાં આવી છે.



આ વિસ્તારમાં સ્કૂલો અને કોલેજો આવેલી હોવાથી રોજના હજારો વિદ્યાર્થીઓ અને વાહનચાલકો પસાર થાય છે. સ્થાનિકોએ આ બાબતે કોર્પોરિટરો અને પાલિકામાં અનેકવાર રજૂઆત કરી છે, પરંતુ અધિકારીઓ દ્વારા સંતોષકારક જવાબ આપવાને બદલે 'ફરિયાદ કરવી હોય તો કરો' તેવો ઉદ્ધત પ્રતિસાદ મળી રહ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. ભારે ટ્રાફિક ધરાવતા આ માર્ગ પર જો કોઈ મોટી દુર્ઘટના સર્જાશે અથવા જાનહાનિ થશે તો તેનો જવાબદાર કોણ રહેશે? તેવો સવાલ અત્યારે ઉઠી રહ્યો છે. વાહનચાલકોની માગ છે કે કાં તો રોડનું લેવલ તાત્કાલિક સરખું કરવામાં આવે અથવા સુરક્ષા માટે ત્યાં પ્રોપર બેરીકેટિંગ અને રાત્રે દેખાય તેવા રિફ્લેક્ટર લગાવવામાં આવે જેથી કોઈનો જીવ બચી શકે.

### હવે હિપ્પોની જોડી સહેલાણીઓનું મનોરંજન કરશે

# વડોદરાના સયાજીબાગ ઝૂમાં 'ભીમ'ની એન્ટ્રી, જૂનાગઢ અને વડોદરા વચ્ચે જળઘોડાની 'શાહી અદલાબદલી'

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
વડોદરાના ઐતિહાસિક સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયમાં લાંબા સમયથી જેની પ્રતીક્ષા સેવાઈ રહી હતી, તેવો 'નર' મહેમાન આખરે આવી પહોંચ્યો છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા મંજૂર કરાયેલા ખાસ 'એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ' હેઠળ જૂનાગઢના પ્રખ્યાત સક્કરબાગ ઝૂમાંથી એક કદાવર અને યુવાન નર હિપ્પોપોટેમસ 'ભીમ'ને વડોદરા લાવવામાં આવ્યો છે. આ સમાચાર વડોદરાના પ્રાણીપ્રેમીઓ માટે આનંદના સમાચાર લઈને આવ્યા છે. સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયમાં અત્યાર સુધી બે માદા હિપ્પો વસવાટ કરતી હતી. પ્રાણીશાસ્ત્રના નિયમો અને તેમની સામાજિક જરૂરિયાતો મુજબ, એક જ લિંગના પ્રાણીઓ હોવાને કારણે વંશવૃદ્ધિ અને જૈવિક વિવિધતામાં અવરોધ આવતો હતો.

જેથી વડોદરા મહાનગરપાલિકાએ જૂનાગઢના સક્કરબાગ ઝૂ સાથે સંવાદ કરી આ વિનિમય સફળ બનાવ્યો છે. જૂનાગઢથી 'ભીમ' નામનો નર હિપ્પો વડોદરાના મહેમાન બન્યો છે, જ્યારે તેના બદલામાં વડોદરાની બે માદાઓ પૈકીની એક માદા હિપ્પોને ટૂંક સમયમાં જૂનાગઢના સક્કરબાગ ખાતે રવાના કરવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ, આ વિનિમય પાછળનો મુખ્ય હેતુ માત્ર પ્રદર્શન નથી,



પરંતુ પ્રાણીઓની 'બ્લડ લાઈન' જાળવી રાખવાનો છે. જ્યારે અલગ-અલગ વિસ્તારના પ્રાણીઓ વચ્ચે પ્રજનન થાય છે, ત્યારે આવનારી સંતતિ વધુ મજબૂત અને રોગપ્રતિકારક શક્તિ ધરાવતી હોય છે. આ એક્સચેન્જથી કેપ્ટિવ (કેદમાં રહેલા) હિપ્પોની વસ્તીમાં સંતુલન જળવાશે. નવા આવેલા 'ભીમ'ને વડોદરાના વાતાવરણમાં અનુકૂલિત થયા બાદ હવે જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ઝૂના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, હવે મુલાકાતીઓ આ નવી જોડીને ક્રીડા કરતી નિહાળી શકશે. ખાસ કરીને વેકેશન અને રજાના દિવસોમાં સયાજીબાગમાં આવતા બાળકો માટે 'ભીમ' આકર્ષણનું કેન્દ્ર બનશે તે નક્કી છે. હિપ્પોપોટેમસ સમૂહમાં રહેનારું પ્રાણી છે. નર હિપ્પોના આવવાથી વડોદરાના ઝૂમાં તેમનું સામાજિક માળખું સંતુલિત થશે અને મુલાકાતીઓને પણ કંઈક નવું જોવા મળશે તેવુ ઝૂ સત્તાધિકારીએ જણાવ્યુ હતુ.

## શિક્ષક અભિરુચિ કસોટી માધ્યમિક 2026ની પ્રાથમિક કસોટી 3 મેના રોજ લેવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.1
ચૂંટણીની તારીખો નક્કી થતાં આગામી તારીખ 26 એપ્રિલ 2026ના રોજ લેવાનારી ટેટની પરીક્ષાની તારીખમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ પરીક્ષા 3 મેના રોજ યોજાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંદર્ભ 1 દર્શિત જાહેરનામાં અનુસાર શિક્ષક અભિરુચિ કસોટી માધ્યમિક 2026 નુ આયોજન 26 એપ્રિલનાં રોજ કરવામાં આવ્યું હતું. ત્યારે, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા 26 એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓનુ આયોજન કરવામાં આવ્યું હોય આ પરિસ્થિતિને ધ્યાને લેતા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંદર્ભ (1) થી નિયત થયેલ શિક્ષક અભિરુચિ કસોટી માધ્યમિક 2026 ની પ્રાથમિક કસોટી તા.26 એપ્રિલના બદલે હવે તા.3 મેના રોજ આયોજિત કરવામાં આવી છે. રાજય પરીક્ષા બોર્ડના તા.12 ફેબ્રુઆરીના જાહેરનામાંની અન્ય બાબતો / જોગવાઈઓ યથાવત રહેશે.

### શોભાયાત્રા માટે પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

# હનુમાન જયંતિ નિમિત્તે પ્રતિબંધિત અને 'નો પાર્કિંગ' ઝોન જાહેર કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.1
હનુમાન જયંતિના પાવન પ્રસંગે 2 એપ્રિલના રોજ વડોદરા શહેરનાં વિવિધ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો તેમજ ફતેપુરા વિસ્તારમાં ભવ્ય શોભાયાત્રા યોજાનાર છે. મોટી સંખ્યામાં ભાવિકો જોડાવાની સંભાવનાને ધ્યાનમાં રાખી શહેર પોલીસ દ્વારા ટ્રાફિક વ્યવસ્થા અંગે ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા જાહેર કરાયેલા આ જાહેરનામા મુજબ, શોભાયાત્રા સાંજે 5 વાગ્યે ફતેપુરા વિસ્તારમાંથી પ્રસ્થાન કરી અડાણીયાપુલ, ચાંપાનેર દરવાજા, માંડવી, એમ.જી. રોડ, લહેરીપુરા, પદમાવતી ત્રિકોણ, ગાંધીનગર ગૃહ, જ્યુબિલીબાગ અને ભક્તિ સર્કલ માર્ગે રોકડનાથ હનુમાન મંદિર સુધી પહોંચશે. આ દરમિયાન સાંજે 4 વાગ્યાથી શોભાયાત્રા પૂર્ણ થાય ત્યાં સુધી સમગ્ર માર્ગ પર બંને બાજુ તમામ પ્રકારના વાહનો માટે નો-પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

સાથે જ ફતેપુરા મેઈન રોડ, માંડવી, એમ.જી. રોડ અને લહેરીપુરા જેવા મુખ્ય માર્ગો પર નો-એન્ટ્રી પણ લાગુ રહેશે. ટ્રાફિક વિભાગ દ્વારા વિવિધ સ્થળોએ વાહનો માટે ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યા છે.

ફતેપુરાથી માંડવી તરફ જતા વાહનોને પાણીગેટ અને કરેલીબાગ તરફ વાળવામાં આવશે, જ્યારે ચાંપાનેર દરવાજાથી એમ.જી. રોડ તરફ જતાં વાહનોને દાંડીયા બજાર અને રાવપુરા તરફ ડાયવર્ટ કરાશે. માંડવીથી લહેરીપુરા અને લહેરીપુરાથી જ્યુબિલીબાગ તરફના માર્ગો પણ સમયસર બંધ રાખવામાં આવશે. શહેર બહારથી આવતાં વાહનોને સેન્ટ્રલ વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને તેમને રિંગ રોડ તથા બાયપાસ માર્ગનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે. ઈમરજન્સી સેવાઓ માટે સયાજીગંજ, અલકાપુરી અને રાવપુરા માર્ગ ખુલ્લા રાખવામાં આવશે. શહેર પોલીસે નાગરિકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, વૈકલ્પિક માર્ગો અપનાવવા અને પોલીસને સહકાર આપવા અપીલ કરી છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનિય છે શોભાયાત્રા સંવેદનશીલ વિસ્તારોમાંથી પસાર થવાની હોય ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

## પીઆઈ કે આર સિસોદિયાની ઈન્ટેલિજન્સમાં ટ્રાન્સફર

(પ્રતિનિધિ) વડોદરા તા.1
તાજેતરમાં જ વડોદરા ગ્રામ્ય એલ.સી.બી માંથી રાજકોટ ગ્રામ્યમાં બદલી થયેલા પીઆઈની રાજ્ય પોલીસ વડા દ્વારા પરિવાર ઈન્ટેલિજન્સમાં બદલી માટેનો હુકમ કરાયો છે. રાજ્ય પોલીસ વડા દ્વારા ત્રણ વર્ષથી વધુ સમય એકજ સ્થળે ફરજ બજાવતા અધિકારીઓ પીએસઆઈ માંથી પ્રમોશન લઈને પીઆઈ બન્યા હોય તેવા અધિકારીઓની બદલી પ્રક્રિયા કરવામાં આવી છે. તાજેતરમાં 700 જેટલા અધિકારીઓની રાજ્યના વિવિધ વિસ્તારોમાં બદલી કરવામાં આવી હતી. જેમાં કેટલાક અધિકારીઓ કહી ખુશી કહીં ગમના માહોલ જોવા મળ્યો હતો. વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા પીઆઈ કે.આર.સિસોદિયા રાજકોટ ગ્રામ્ય માટે બદલી કરવામાં આવી હતી. આ પછી, રાજ્ય પોલીસના હુકમ હેઠળ તેમને હવે ઈન્ટેલિજન્સ વિભાગમાં બદલી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.